# ટેક્સિ અને ખાનગી રીતે ભાડે રોકવામાં આવતાં વાહનો વિશે માહિતી

## ટેક્સિ અને ખાનગી રીતે ભાડે રોકવામાં આવતાં - પ્રાઈવેટ હાયર વાહનોની સેવાઓ

ટેક્સિઓ (બ્લેક કેબો) જ એકમાત્ર એવાં વાહનો છે જેમને રસ્તા પરથી અથવા તો તેમના માટે ખાસ ફાળવવામાં આવેલાં નિશ્ચિત ટેક્સિ રેન્ક આગળથી રોકી શકાય છે. બધી જ ટેક્સિઓમાં મીટર લગાવેલું હોય છે, જે તમારી મુસાફરીના અંતે તમારે કેટલું ભાડું ચૂકવવાનું થાય છે તે બતાવે છે અને પીળા રંગની 'ટેક્સિ' 'TAXI' લખેલી લાઈટ હોય છે.

ખાનગી રીતે ભાડે રોકવામાં આવતાં વાહનો - પ્રાઈવેટ હાયરમાં, અનેક જુદી જુદી સેવાઓનો સમાવેશ થઈ જાય છે, જેમ કે મિનિકેબો, લિમોઝિનો, એક્ઝેક્યુટિવ કાર સેવાઓ અને શોફર સાથેનાં વાહનો. તમામ મિનિકેબો અને પ્રાઈવેટ હાયરની મુસાફરીઓ લાઈસન્સ મેળવેલ પ્રાઈવેટ હાયર ચાલક સાથે જ બુક કરવામાં આવવી જોઈએ - આ રીતે બુક કરાવવામાં નહિ આવેલું કોઈ પણ વાહન લાઈસન્સ વગરનું, ઈન્શ્યોરન્સ વગરનું, અસલામત અને ગેરકાનૂની હોય છે.

## ખોવાયેલી ચીજવસ્તુઓ

ટેક્સિમાં કોઈ વસ્તુ ખોવાઈ ગઈ હોય તો તેના વિશે ટ્રાન્સપોર્ટ ફોર લંડન (ટીએફએલ) Transport for London's (TfL) ની લોસ્ટ પ્રોપર્ટી ઓફિસમાં જાણ કરવી જોઈએ અને તમે લોસ્ટ પ્રોપર્ટી ઓફિસનો **0845 330 9882*** પર ફોન કરીને સંપર્ક કરી શકો છો અથવા **tfl.gov.uk/lpo** પરથી ખોવાયેલી વસ્તુઓ માટેનું ફોર્મ ભરીને તમારી વસ્તુ મળી છે કે નહિ તેની તપાસ કરી શકો છો.

ટેક્સિમાં ખોવાઈ ગયેલી વસ્તુ લોસ્ટ પ્રોપર્ટી ઓફિસમાં પહોંચતાં સાત દિવસ સુધીનો સમય લાગી શકે છે.

ખાનગી રીતે ભાડે રાખવામાં આવેલાં વાહનોમાંથી મળી આવેલી વસ્તુઓ તે વાહનના સંબંધિત ચાલકની ઓફિસમાં રાખવામાં આવે છે જ્યાં ખોવાયેલી વસ્તુઓની નોંધ રાખવામાં આવતી હોય છે.

કૃપા કરીને તમે જેમની સાથે વાહન બુક કર્યું હોય તેના ચાલકનો સંપર્ક કરીને પૂછી જુઓ કે તેમને તમારી વસ્તુ મળી છે કે નહિ.

# ૪ એપ્રિલ ૨૦૦૯ થી ટેક્સિ ભાડાં

દિવસનો કયો સમય છે, કેટલા અંતરની મુસાફરી કરવામાં આવી છે અને ટેક્સિની ઝડપ કેટલી હતી તેના આધારે મીટર વધુમાં વધુ ભાડાની ગણતરી કરે છે. ડ્રાઈવર પાસે જો કોઈ વાજબી કારણ ન હોય, તો તે સિવાય તેમણે 12 માઈલ સુધીની મુસાફરી માટે (હીથ્રો એરપોર્ટ માટે હોય તો 20 માઈલ), અથવા જો ગંતવ્ય સ્થાન ગ્રેટર લંડનમાં હોય તો એક કલાક સુધીની મુસાફરી માટે મુસાફરને લેવાની હા પાડવી જ પડે છે.

જો ગંતવ્ય સ્થાન ગ્રેટર લંડનની બહાર આવેલું હોય તો ડ્રાઈવર વાહન ભાડે આપવાની હા પાડવા માટે બંધાયેલ નથી અને આવી મુસાફરી માટેનું ભાડું નક્કી કરવા માટે ડ્રાઈવર અને વાહન ભાડે લેનાર મુસાફર વચ્ચે વાટાઘાટ થઈ શકે છે.

## લાક્ષણિક ભાડાં:

**કૃપા કરીને નોંધ કરો કે જો મુસાફરીમાં કોઈ કારણસર મોડું થયું હોય કે બહુ વધારે પડતો ટ્રાફિક હોય તો ભાડાં અને સમય અહીં બતાવવામાં આવ્યા છે તેના કરતાં વધારે હોઈ શકે છે.**

| મીટર ઉપરનો ટેરિફ કોડ | | 1 | 2 | 3 |
|---|---|---|---|---|
| અંતર | મુસાફરીમાં લાગતો અંદાજિત સમય મિનિટમાં | સોમવારથી શુક્રવાર **06:00 – 20:00** | સોમવારથી શુક્રવાર **20:00 -22:00** શનિવાર અને રવિવાર **06:00 – 22:00** | દર રાત્રે **22:00 – 06:00** અને જાહેર રજાઓના દિવસે |
| 1 માઈલ | 5 - 12 | £4.60 - £8.20 | £4.80 - £8.20 | £5.00 - £8.40 |
| 2 માઈલ | 8 - 15 | £7.00 - £10.80 | £7.00 - £11.00 | £7.60 - £12.00 |
| 4 માઈલ | 15 - 30 | £11.00 - £18.00 | £13.00 - £18.00 | £15.00 - £22.00 |
| 6 માઈલ | 20 - 40 | £17.00 - £28.00 | £19.00 - £28.00 | £23.00 - £33.00 |
| હીથ્રો અને સેન્ટ્રલ લંડન વચ્ચે | 30 - 60 | £40.00 - £75.00 | | |

ઓછામાં ઓછું £2.20 ભાડું દરેક સમયે લાગુ પડે છે.

સામાન કે વધારાનાં મુસાફરો માટે કોઈ વધારાનો ચાર્જ હોતો નથી.

**વધારાના ચાર્જીસ** (આ ચાર્જીસ મુસાફરીની શરૂઆતમાં મીટરમાં ઉમેરી દેવામાં આવવા જ જોઈએ):

- **ટેલિફોન બુકિંગો માટે:** વધુમાં વધુ £2.00;
- **હીથ્રો એરપોર્ટ £2.00** એરપોર્ટથી શરૂ થતી મુસાફરીઓ માટે;
- **ક્રિસમસ/નવા વર્ષનો દિવસ:** 24 ડિસેમ્બરના રોજ રાત્રે 20:00 વાગ્યાથી 27 ડિસેમ્બર સવારે 06:00 વાગ્યા દરમ્યાન અથવા 31 ડિસેમ્બર રાત્રે 20:00 થી 2 જાન્યુઆરી 2010ના રોજની સવારે 06:00 વાગ્યા દરમ્યાન કરવામાં આવતી મુસાફરીઓ માટે £4.00.

અમુક ટેક્સિઓ ક્રેડિટ અથવા ડેબિટ કાર્ડ સ્વીકારે છે જે માટે મીટરમાં થયેલા ભાડાની ઉપર લાક્ષણિક રીતે 10% થી 15% સરચાર્જ લેવામાં આવે છે.

જો મુસાફરી દરમ્યાન ટેક્સિ ગંદી થવાને કારણે ટેક્સિને સેવામાંથી બહાર કાઢીને ધોવા માટે આપવી પડે તેમ હોય, તો તે માટે ડ્રાઈવર ટેક્સિ ભાડે લેનાર પાસેથી £40.00 સુધીનો **ટેક્સિ ધોવા માટેનો ચાર્જ** લઈ શકે છે.

## રસીદો

જો મુસાફર મુસાફરી દરમ્યાન કે તે પૂરી થયે રસીદ માગે તો ટેક્સિ ડ્રાઈવરે તે આપવી જ જોઈએ.

## ચડવા ઉતરવાની સુવિધા

બધી જ લાઈસન્સ પ્રાપ્ત ટેક્સિઓમાં વ્હીલચેર ચડાવી અને ઉતારી શકાય તેમ હોય છે અને તેમાં મુસાફરી કરવાનું સહેલું બનાવતી બીજી સુવિધાઓ પણ કદાચ મૂકવામાં આવી હોઈ શકે, જેમ કે હાથથી પકડવાનાં હેન્ડલો, ચડવા-બેસવામાં સુવિધા રહે તેવી રીતે દરવાજા તરફ ફેરવી શકાય તેવી સીટો, વચ્ચેનું નાનું પગથિયું, ઈન્ડક્શન લૂપ અને ઈન્ટરકોમ. ટેક્સિ દ્વારા મુસાફરી કરતી વેળાએ વ્હીલચેરોને બરાબર સુરક્ષિત રીતે ગોઠવવામાં આવી હોવી જોઈએ, તમે અંદર બેસો ત્યારે આના વિશે સલાહ અને સહાય માટે કૃપા કરીને ડ્રાઈવરને પૂછો.

ખાનગી રીતે ભાડે રોકવામાં આવતાં વાહનો સામાન્ય રીતે સલૂન કાર અથવા પીપલ કેરિયર વાહનો હોય છે પરંતુ ખાનગી રીતે વાહનો ભાડે આપતાં કેટલાંક ચાલકો પાસે વ્હીલચેર મૂકી શકાય તેવાં વાહનો પણ હોય છે. તમે બુકિંગ કરાવો ત્યારે તમારી જે કોઈ પણ જરૂરિયાત હોય તેની તમે વાહનના ચાલકને જાણ કરો છો તેની ખાતરી કરો.

તમામ લાઈસન્સ પ્રાપ્ત ટેક્સિઓ અને ખાનગી રીતે ભાડે રોકવામાં આવતાં વાહનો કોઈ વધારાનો ચાર્જ લીધા વગર સહાયક કૂતરાંને મુસાફરની સાથે લઈ જઈ શકે છે.

## મુસાફરો માટે માહિતી

લાઈસન્સ પ્રાપ્ત બે સ્થાનિક મિનિકેબ ચાલકોના નંબરો તેમજ એક ટેક્સિ માટેનો નંબર તમારા મોબાઈલ ફોન પર સીધો મોકલી આપવામાં આવે તે માટે, 'કેબવાઈઝ' Cabwise નો ઉપયોગ કરો, ફક્ત 60835** પર HOME લખીને ટેક્સ્ટ કરો અને આ નંબરો સીધા તમારા ફોન પર મોકલી આપવામાં આવશે.

લાઈસન્સ પ્રાપ્ત ખાનગી રીતે વાહનો ભાડે આપતાં ચાલકો કઈ સેવાઓ પૂરી પાડે છે તેની (મિનિકેબ, લિમોઝિન વગેરેની) વિગતો અને તેઓ કયા વિસ્તારોમાં સેવાઓ આપે છે તે શોધવા માટે 'ફાઈન્ડરાઈડ' 'Findaride' નો ઉપયોગ કરો. જુઓ **tfl.gov.uk/findaride**

લંડનના કોઈ પણ ભાગમાં ટેક્સિઓ અને મિનિકેબો સહિતનાં ખાનગી રીતે ભાડે રોકવામાં આવતાં વાહનોની સેવાઓ વિશે માહિતી મેળવવા માટે ટીએફએલ TfL ના 24 ખુલ્લા રહેતા ટ્રાવેલ ઈન્ફોર્મેશન સેન્ટરને **020 7222 1234** પર ફોન કરો.

તમારી મુસાફરીનું આયોજન કરવામાં વધારે મદદ માટે **tfl.gov.uk/traveltools** જુઓ.

## સૂચનો અને ફરિયાદો

જો તમે લંડન ટેક્સિ અથવા તેના ડ્રાઈવર વિશે કોઈ ફરિયાદ કરવા માગતાં હો, તો બનાવ બન્યા પછી શક્ય તેટલી વહેલી તકે તમારે અમને તેની જાણ કરી દેવી જરૂરી રહેશે. તમે **tfl.gov.uk/contactcabs** પરથી ટેક્સિ સેવા વિશે ફરિયાદ કરવાના ફોર્મનો ઉપયોગ કરી શકો છો, **coms@pco.org.uk** પર ઈમેઈલ કરી શકો અથવા **0845 300 7000*** પર ફોન કરીને તમારી ફરિયાદ કરી શકો છો અથવા સારી સેવા વિશે સૂચન આપી શકો છો અને તે બાબત ડ્રાઈવરના ધ્યાન પર લાવવામાં આવે તેની અમે ખાતરી કરીશું.

ખાનગી રીતે ભાડે રોકવામાં આવેલા વાહનના ડ્રાઈવર અથવા તેના ચાલક વિશે તમને જે કોઈ પણ ફરિયાદ હોય તો તે તમારે વાહન બુક કરાવ્યું હોય તે ચાલક પાસે કરવી જોઈએ. જો તેના પરિણામથી તમને સંતોષ ન થાય, અથવા તમારું માનવું હોય કે વાહન ચાલકે તમારી ફરિયાદની સંતોષજનક રીતે તપાસ નથી કરી, તો કૃપા કરીને અમારો સંપર્ક કરો.

* 0845 નંબરો પર કરવામાં આવતા કોલ્સની કિંમત જુદા જુદા ફોન પ્રોવાઈડરો જુદી જુદી લઈ શકે છે.

** દરેક પૂછપરછ દીઠ ટેક્સ્ટની કિંમત 35p વત્તા પ્રમાણભૂત ટેક્સ્ટ મેસેજ માટેની કિંમત થાય છે. વિદેશથી ચાલતાં નેટવર્કો માટે રોમિંગ રેટ લાગુ પડે છે. 3 નેટવર્ક પરનાં ગ્રાહકોએ જુદી માહિતી દાખલ કરવાની હોય છે.
વધારે વિગતો માટે **tfl.gov.uk/cabwise** જુઓ.

વેબસાઈટ
**tfl.gov.uk**

મુસાફરી વિશે 24 કલાક માહિતી
**020 7222 1234**

ખોવાયેલી ચીજ વસ્તુઓ
**0845 330 9882**